**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૬ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૬૭ ટકા

# શહેરમાં વરસાદી માહોલમાં 'ચા' હોટ ફેવરીટ




ગાંધીનગર, તા.૬

શહેરમાં સરકારી કર્મચારીઓ વધુ છે અને સ્વાભાવિક રીતે સરકારી ઓફિસોમાં તો ચાનું ચલણ વધુ છે જ પરંતુ ચાની લારી પર વાતાવરણની મજા લેતા લેતા ચા પીવાનો અનેરો આનંદ શહેરીજનો ઉઠાવી રહ્યા છે.

આમ તો શહેરમાં એવરી ટાઈમ ઈઝ ટી ટાઈમ જેવું જ છે કે ચાનું પુછોને દરેક તૈયાર પણ આ શિયાળા અને ચોમાસા બંનેના મિશ્ર વાતાવરણ સાથે ચાની મજા લેવાની મજા જ કાંઈક ઓર છે. સવારે ઉઠીને સાંજે ઓફિસથી છૂટતા વાતની શરૂઆત કે વાતનો અંત શહેરમાં કપ ઓફ ટી થી જ થાય છે. શહેરની સરકારી ઓફીસની બહાર, લાયબ્રેરીની બહાર, જાહેર બગીચાની બહાર અને સેકટરોમાં ચાની દુકાન કે લારી પાસે ચા પીનારાની ભીડ જોવા મળી રહી છે. હાલના દિવસોમાં વાતાવરણ વરસાદી વર્તાય છે એમાં ચા પીને ફ્રેશ થવાય છે તેમ કહેતા શહેરીજનો થાકતા નથી. શહેરીજનો કહે છે કે ચી પીવા બહાર જવાના બહાને બે વાતો ય થઈ જાય અને ફ્રેશ પણ થઈ જવાય સાથે મિત્રો સાથે એટલો સમય પણ પસાર કરી શકાય છે. બપોરથી ક્રિકેટ વર્લ્ડ કપ શરૂ થઈ જતા દરેક ચાના ગલ્લા પાસે ગોઠવાઈ જાય છે. જોતજોતમાં ચા અને ક્રિકેટની મજા લેતા એકની બે ચા પીવાય જાય છે.

શહેરના સેકટર વિસ્તાર સાથે ન્યુ ગાંધીનગરમાં પણ વિવિધ ટી પોસ્ટ ઉભા થયા છે. યુવા મિત્રો કોઈ પણ સમયે ચા પીવા તત્પર જોવા મળે છે. ન્યુ ગાંધીનગરના કુડાસણ, સરગાસણ, રિલાયન્સ ક્રોસ રોડ પાસે વિવિધ ચાની દુકાન ૨૪ કલાક ખુલ્લી હોય છે ત્યાં મટકા ચા આકર્ષણનું કેન્દ્ર છે. શહેરીજનો અને ખાસ કરીને યુવાનો ચાની ચુસ્કી લેવા ત્યાં જરુરથી જાય છે. વરસાદી માહોલમાં રાત્રે બેઠક કરી યુવાનો મટકા ચા સાથે વાતચીત કરતા થાકતા નથી. વરસાદની રાહ જોતા નગરજનોને મોઘવારીમાં ચાની ચુસ્કી મોંઘી પડે છે પણ સ્વાદ ફિક્કો નથી પડયો.

## ડૉ. પલક ત્રિવેદી જીપીએસસી કલાસ-૧ની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં મહિલાઓમાં પ્રથમ ક્રમે

ગાંધીનગર, તા.૬

તાજેતરમાં લેવાયલ જીપીએસસી કલાસ-૧ અને



કલાસ-૨ની પરીક્ષાના કુલ ૯૧૨ ઉમેદવારોમાંથી શહેરની ડૉ. પલક રાજેન્દ્ર ત્રિવેદીએ સમગ્ર ગુજરાતમાં તૃતીય સ્થાન અને મહિલાઓમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

ઉલ્લેખનીય છે કે તેણીએ કર્ણાવતી સ્કુલ ઓફ ડેન્ટીસ્ટ્રીમાં બેચલર ઓફ ડેન્ટલ સર્જરીની ડિગ્રી મેળવેલ છે. તેના પિતા પશુપાલન ખાતામાં હેડ કલાર્ક તરીકે ફરજ બજાવે છે. દિકરીની સિધ્ધિએ તેના પરિવારજનો તથા સમસ્ત બ્રહ્મ સમાજનું ગૌરવ વધાર્યું છે.

# સિવિલમાં ડી, ઈ અને એફ બ્લોકનું મરામત કામ શરુ





ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી મરામતનું કામ કાજ ચાલી રહ્યું છે. વર્ષો જુના ડી, ઈ અને એફ બ્લોક જર્જરીત હતા તેનું સમારકામ પીઆઈયુ વિભાગ દ્વારા શરુ કરવામાં આવ્યું છે. જેથી આ ત્રણેય બ્લોકનું મજબુતી કરણ થતા તેમાં પણ વિવિધ વોર્ડ કાર્યરત કરવામાં આવશે.

પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગના સારવાર માટે આવે છે. મેડીકલ કોલેજને પગલે પાંચ માળની ઓપીડી અને આઠ માળની ઈન્ડોર ઈમારત ઉભી કરવામાં આવી છે. મેડીકલ કોલેજને પગલે દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સારવાર અને સુવિધામાં વધારો થવા પામ્યો છે. જયારે સિવિલ હોસ્પિટલનો ડી, ઈ અને એફ બ્લોક જર્જરીત હાલતમાં હોવાથી તેમા કાર્યરત વોર્ડ અન્ય જગ્યાએ શીફટ કરવામાં આવ્યા હતા.સિવિલમાં અનેક સમસ્યાઓથી ઘેરાયેલી રહે છે કે તંત્ર પણ એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ સર્જાઈ છે. કારણકે પીઆઈયુ વિભાગના તંત્ર દ્વારા ત્રણેય બ્લોકને ઝોખમી ગણવામાં આવ્યા હતા. ત્રણેય બ્લોકને તોડી પાડીને નવીન બનાવવાનો પ્લાન હતો, પરંતુ ઉચ્ચકક્ષાએ થી ત્રણેય બ્લોકનું રીનોવેશનનું કામ કરવાનું કહેતા તંત્ર દ્વારા સિવિલના ડી,ઈ અને એફ બ્લોકનું કામ હાથ ધરવામાં આવ્યું છે. ત્રણેય બિલ્ડીંગના મજબુતીકરણ બાદ તેમાં વિવિધ વોર્ડ કાર્યરત થશે. હાલના સમયે પ્લાસ્ટ સહિતની કામગીરી ચાલી રહી છે. જયારે અન્ય દર્દી કે નાગરીકોને તકલીફ ના પડે તેની ખાસ તકેદારી તંત્ર દ્વારા લેવામાં આવી છે. દર્દી કે કોઈને કંઈ વાગે નહી તેની ખાસ ધ્યાન રાખાવમાં આવ્યું છે અને આડશ પણ ઉભી કરવામાં આવ્યું છે. અને રીનોવેશનની કામગીરી પુરજોશમાં શરુ કરવામાં આવી છે.

# સચિવાલય ન્યુ ક્રેડીટ સોસાયટીના ચેરમેનપદે જયેશભાઈ જોષી



**પ્રમુખ**
**જયેશકુમાર એસ.જોષી**



**ઉપપ્રમુખ**
**કનુભાઈ આર. પટેલ**



**માનદમંત્રી**
**ઉમેશકુમાર પી. વસાવા**



**સહમંત્રી**
**ચેતન એસ. દવે**



**ચેરમેન લોન સમિતિ**
**હીરેનકુમાર આર. પટેલ**



**ચેરમેન ખરીદ સમિતિ**
**વિપુલ કે. રાઠવા**

ગાંધીનગર, તા.૬

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપ.ન્યુ. ક્રેડિટ સોસાયટી લિમિટેડના વર્ષ ૨૦૧૯-૨૦ના હોદ્દેદારો ચૂંટાયા છે. જેમાં પ્રમુખ પદે જયેશકુમાર એસ. જોષી, ઉપપ્રમુખ પદે કનુભાઈ આર. પટેલ, માનદમંત્રી તરીકે ઉમેશકુમાર પી. વસાવા, સહમંત્રી તરીકે ચેતન એસ. દવે, ચેરમેન લોન સમિતિ પદે હિરેનકુમાર આર. પટેલ અને ચેરમેન ખરીદી સમિતિના પદે વિપુલભાઈ કે. રાઠવાની વરણી કરવામાં આવી છે.

તાજેતરમાં સોસાયટીની સામાન્ય સભા મળ્યા બાદ નવા ચૂંટાઈ આવેલ ડિરેકટરોની પ્રથમ બેઠક મળેલ હતી. ૧૭૦૦થી વધુ સભાસદો ધરાવતી સરકારી કર્મચારીઓની આ સહકારી સંસ્થા છે. સહકારી સંઘે પણ શ્રેષ્ઠ સહકારી સંસ્થા તરીકેનો એવોર્ડ આપી સન્માનિત કરેલ છે.

## બોરીજમાં ત્રણ વર્ષથી ગટરો ઉભરાય છે

ગાંધીનગર, તા.૬

બોરીજ ગામમાં સધીમાતાના મંદિરની બાજુમાં છેલ્લા ૩ વર્ષથી સવાર-સાંજ ગટરો ઉભરાય છે અને ડ્રેનેજ ઈન્કવાયરી સેકટર-૨૨માં વારંવાર ફરિયાદ પણ કરવામાં આવેલ છે છતાં નિરાકરણ આવેલ નથી. આજ રીતે બોરીજ નવાપરા આંગણવાડીની બાજુની મેઈન ગટર પણ ઉભરાય છે. ડ્રેનેજ ઈન્કવાયરીના કર્મચારીઓ ગટર સાફ કરવા આવે તો ગટરનું ઢાંકણું ઊંચું કરીને તપાસીને જતા રહે છે. ગટરના પંપ બંધ હોવાથી ફરિયાદ દુર થાય તેમ નથી તેમ તેઓ જણાવે છે. મેઈન ગટરની બાજુમાં આંગણવાડી તથા શાળાએ જતા બાળકોને ગંદકીના ઉભરાતા પાણીમાંથી પસાર થવું પડે છે. ઉપરોકત ફરિયાદની રજુઆત મ્યુનિસિપલ કાઉન્સિલર લલિતાબેન વી. ઠાકોરે અનેક વખત કરેલ છે અને આ ફરિયાદનું નિરાકરણ તાત્કાલીક લાવવા નમ્ર વિનંતી કરેલ છે.

# આજે સમસ્ત રાજસ્થાન સમાજ તરફથી ૫૦૦૦ તુલસીના છોડ વિના મુલ્યે અપાશે

ગાંધીનગર,તા.૬

સમસ્ત રાજસ્થાન સમાજ ગાંધીનગર અને એનપીપી ટ્રસ્ટના સૌજન્યથી ગાંધીનગર શહેરના પાંચ સ્થળો પરથી ૫૦૦૦ તુલસીના છોડ તા. ૭ જુલાઈને રવિવારના રોજ બપોરે ૩ થી ૮ વાગ્યા સુધી વિનામુલ્યે આપવામાં આવશે. જેમાં સેકટર-૧, સેકટર-૨૪ શાકમાર્કેટ, સેકટર-૭ શાકમાર્કેટ, રામેશ્વર મહાદેવ મંદિર સેકટર-૩ ડી, સાર્થક હોમ્સ રાયસન, પીડીપીયુ રોડ સહિતના સ્થળોએ એક સાથે છોડનું વિતરણ કરાશે. સંસ્થાના સભ્ય તુલસીભાઈ માલી, મુકેશભાઈ વ્યાસ, જગ્દાનભાઈ ગઢ્વી, માનાજી મારવાડી, ભુપાજી પ્રજાપતિ, માંગીલાલ ગુર્જર, દીપાજી મેઘવાલ સહિતના સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. જયારે તુલસીનો છોડ મેળવવા માટે ઈચ્છુક નગરજનો ૯૩૭૪૫૬૯૧૩૨ પર કોલ કરીને ઘરે પણ મંગાવી શકે છે. તેમ સંસ્થાના સભ્યોએ જણાવ્યું છે.



શનિવારના રોજ સ્વચ્છતા અભિયાન અંતર્ગત સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે ડો.રાજેન્દ્ર ચૌહાણ (આરએમઓ), તેમજ તેમના સાથી અધિકારી-કર્મચારીઓ સાથે જિલ્લા પંચાયત ગાંધીનગરના પ્રમુખ મંગુબેન ચૌધરી, આરોગ્ય સમિતિ ચેરમેન નરેશકુમાર ઠાકોર, શિક્ષણ સમિતિ ચેરમેન કિર્તીબેન પટેલે સિવિલમાં સારવાર લઈ રહેલા દર્દીઓની શુભેચ્છા મુલાકાત લીધી હતી.




પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાલુન્દ્રા ખાતે વિશ્વ વસ્તી દિવસ ૨૦૧૯ નિમિત્તે આશા સંમેલન શુક્રવારે યોજાઈ ગયું. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેવકરણના મુવાડા, પાલુન્દ્રા અને બહિયલની તમામ આશા કાર્યકર બહેનો હાજર રહેલ અને સપ્તધારા અંતર્ગત તાલીમ પામેલ ટીમ દ્વારા પપેટ શો અને રોલપ્લે નું સુંદર અને સફળ કાર્યક્રમ પ્રદર્શિત કરવામાં આવ્યું હતુ. વિશ્વ વસ્તી દિવસના આ સંમેલનમાં ઉચ્ચ અધિકારીઓએ હાજર રહી વસ્તી સ્થિરતા અને વસ્તી નિયંત્રણ વિષે જરૂરી માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ સંમેલનમાં તાલુકાના તેમજ જિલ્લાના આરોગ્ય કર્મચારીઓએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## આજે સંસ્કાર ગૃપ દ્વારા ડબ્બા ઉજવણી

ગાંધીનગર, તા.૬

સંસ્કાર ગૃપ દ્વારા કરવામાં આવતી બાળલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ અંતર્ગત આજે સંસ્કાર ગૃપના બાળકો દ્વારા સાંજે ૬.૪૫ થી ૭.૩૦ દરમિયાન સે-૭ બગીચા પાસે ડબ્બા ઉજવણી કરાશે અને તેમના દ્વારા તૈયાર કરાયેલ બાળ વાર્તાઓ રજુ કરવામાં આવશે.




ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા ૧૫ દેશોના ૨૫ પોલીસ અધિકારીઓને એડવાન્સ મેથડ ઓફ ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન વિષય ઉપર તાલીમ અર્થે મોકલવામાં આવ્યા છે. આ તાલીમના વિદાય સમારંભમાં ગુજરાત રાજય પ્રવાસન મંત્રી માન. જવાહર ચાવડાએ તાલીમ વિદાય સમારંભમાં હાજરી આપી ગુજરાતના વિવિધ ઐતિહાસિક સ્થળો અને ભવ્યતા વિશે તાલીમાર્થીઓને માહિતગાર કર્યા હતા તથા બાંગ્લાદેશથી તાલીમ અર્થે આવેલા પોલિસ અધિકારીઓને સ્ટેચ્યુ ઓફ યુનિટીના મોમેન્ટોનું વિતરણ કરી માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના મહાનિયામક ડૉ. જે.એમ. વ્યાસે વિશ્વની સૌ પ્રથમ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિની માહિતી આપી હતી. કાર્યક્રમમાં હેમેન્દ્ર શર્મા- નિયામક ITEC, વિદેશ મંત્રાલય, ભારત સરકાર એ પણ હાજર રહી વિગતવાર માહિતી આપી હતી.

# પેથાપુર-રાંધેજા માર્ગ પર અજાણ્યા વાહનની ટક્કરે આધેડનું મૃત્યુ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર થી પેથાપુર - રાંધેજા તરફના માર્ગ પર અજાણ્યા વાહનની ટક્કરે પેથાપુરના વ્યકિતનું મૃત્યુ થયું છે. બનાવની મળતી વિગત પ્રમાણે પેથાપુર ગામના રૂષીવાસમાં રહેતા જયંતિભાઈ વાઘેલા છુટક મજુરી કરી ગુજરાન ચલાવતા હતા.શુક્રવારે સવારને નવ વાગ્યે તેઓ રાંધેજા માર્ગ પર આકોલ પાસે રોડ ક્રોસ કરતા હતા. ત્યારે અજાણ્યા વાહને ટક્કર મારતા માર્ગ પર પટકાયા હતા. જેને પગલે તેમણે માથાના ભાગે, જમણા ભાગે અને છાતીમાં ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને ૧૦૮ દ્વારા તાત્કાલીક ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જો કે તેમની સ્થિતિને જોતા તેમને વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયા હતા. જયા સારવાર દરમિયાન બપોરે તેઓનું મૃત્યુ થયું હતું. ઘટનાને પગલે મૃતકના પુત્ર ધવલ વાઘેલાની ફરીયાદના આધારે પેથાપુર પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી પીએસઆઈ એ.જી.એનુરકારે વધુ તપાસ હાથ ધરી છે. ફરીયાદી ધવલ વાઘેલા પેથાપુર નગરપાલિકામાં કચરો ભરવાની માટેનો છોટો હાથી ગાડીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે.તેને કહ્યું હતું કે હું બજારમાં ઉભો હતો ત્યારે મારા સુપરવાઈઝરનો ફોન આવ્યો હતો. અને અકસ્માત અંગે જાણ કરી હતી. હું ત્યાં પહોંચ્યો તો ટોળુ ઉભેલુ હતુ અને મારા પિતાજી માર્ગની બાજુમાં સુવાડેલા હતા અને માથામાં લોહી નીકળતુ હતું.



સિનિયર સિટીઝન લલિતભાઈ દવે તથા ત્રિકમભાઈ મિસ્ત્રીના ૮૩ઉમા જન્મદિન નિમિત્તે સે-૫ બગીચામાં તેમનું પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સિનિયર સિટીઝન યોગ ગૃપના સુરેન્દ્રસિંહ વાઘેલા, વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, ખોડીયાર મંદિરના ટ્રસ્ટી સાગરદાન ગઢવી તથા વસાહતી અગ્રણીઓએ મોટી સંખ્યામાં હાજર રહી તેમને શુભેચ્છા પાઠવી હતી.

## શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સોમવારે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની પ્રત્યેક માસના પહેલી તારીખ પછીના સોમવારે મળતી બેઠક તા. ૮મી જુલાઈના રોજ સોમવારે સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને સાંજે સાડા પાંચ કલાકે સેકટર-૨૧માં નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે. જેમાં પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવશે તો સંસ્થાના તમામ પદાધિકારીઓ, સભ્યોને હાજર રહેવા મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવ્યું છે.

### ચિરવિદાય

- સ્વ. પ્રહલાદભાઈ મનનભાઈ રાવળ, ઉ.વ. ૭૫
- સ્વ. ગોસ્વામી વિષ્ણુભારતી સુખદેવભારતી, ઉ.વ. ૪૩